## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બજેટમાં બીજી તો કાંઈ ખબર નથી પડતી, પણ નાણામંત્રીને બજેટ વાંચતા વાંચતા પરસેવો થઈ ગયો તો આપણું શું થશે....??

# શહેરમાં ઠંડીનુ પ્રમાણ ઘટયુ, લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રીએ પહોંચ્યુ

### દિવસે હળવી ગરમી સાંજે પવનનુ જોર વધતા ઠંડક પ્રવર્તી : જનજીવન પર અસર

ગાંધીનગર તા ૨

ગાંધીનગરાઓ આ વર્ષે શિયાળાની મોસમનો વિચિત્ર અનુભવ કરી રહ્યા છે. આકરા પવન સાથે અચાનક જ ગગડતા ઠંડીના પાર વચ્ચે નગર કાતિલ કોલ્ડવેવની ઝપટમાં આવી જાય છે. દર સપ્તાહે ઠંડીનો મિજાજ સતત બદલાતો રહે છે. જયારે કયારેક વાદળિયુ વાતાવરણ પણ સર્જાતા શિયાળાની મોસમ પણ સુસ્ત બને છે. આજે ઠંડીનુ પ્રમાણ ૨ ડીગ્રી ઘટયુ હતુ. જેના લીધે બપોરના સમયે હળવી ગરમીનો અહેસાસ થયો હતો. જયારે સાંજ ઢળતા જ ઠંડા પવનના સુસવાટાના લીધે વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઠંડીનો પારો ગરમ રહેતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ગત મહીના દરમિયાન ઉતરાયણથી જાન્યુઆરી મહીનાના અંત સુધી ઠંડીનો પારો સતત ઉંચે રહ્યો હતો જેના લીધે નગર કાતિલ ઠંડીમાં લપેટાયુ હતુ. સતત કોલ્ડવેવના લીધે નગરજનો પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. બીજીતરફ ઠંડીની સાથે સુસવાટા મારતા પવનનુ જોર પણ વધુ રહેતા ઠંડીનુ જોર બેવડાયુ હતુ. છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનુ પ્રમાણ અચાનક વધ્યુ હતુ જેના લીધે નગરમાં નિખરેલી લગ્નસરાની સિઝન પણ પ્રભાવિત થઈ હતી. જયારે આજે ધીમે ધીમે ઠંડીનો પારો નીચે ઉતરતા લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જેના લીધે દિવસ દરમિયાન બપોરે હળવી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે મહત્તમ તાપમાન ૨૭ ડીગ્રી રહ્યુ હતુ. ઠંડીનુ પ્રમાણ ૨ ડીગ્રી ઓછુ થયુ હતુ પરંતુ સાંજના સમયે ઠંડો પવન ફુંકાતા વાતાવરણમાં ઠંડી વળી ગઈ હતી. રાત્રિના સમયે ઠંડીની અસરથી જનજીવન પણ પ્રભાવિત જોવા મળી રહ્યુ છે. નગરના માર્ગો પર સુનકાર પ્રવર્તે છે.

# સ્વ. માણેકલાલ પટેલની જન્મતિથીએ યોજાયેલ રકતદાન શિબિરમાં ૧૦૯૮ યુનિટસ રકત એકત્ર થયું

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન તથા ઉત્તર ગુજરાતના શિક્ષણવિદ્દ સ્વ. માણેકલાલ પટેલની જન્મજયંતિએ દર વર્ષે સંસ્થા દ્વારા ગાંધીનગર અને કડી ખાતેના કેમ્પસમાં સંયુકતપણે મેગા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧લી ફેબ્રુઆરીએ સ્વ. માણેકલાલ પટેલની જન્મજયંતિ નિમિત્તે



સંસ્થા દ્વારા કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકના સહયોગથી સંસ્થાના ગાંધીનગર તથા કડી ખાતેના કેમ્પસમાં આયોજિત રકતદાન શિબિરમાં ૧૦૯૮ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. જેમાં ગાંધીનગર ખાતેના બંને કેમ્પસનો સંયુકત ફાળો ૪૦૫ યુનિટસનો રહ્યો હતો.

છેલ્લા ૯ વર્ષથી યોજાતા રકતદાન શિબિરમાં યુવા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સંસ્થાના પૂર્વ સંચાલકને શ્રધ્ધાંજલિ સાથે રકતદાન જેવી અત્યંત સમાજોપયોગી સેવાકીય પ્રવૃત્તિ પ્રત્યેની જાગૃતિ દાખવી હતી. ગાંધીનગર ખાતેના કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાંથી આ રકતદાન શિબિરમાં ૪૦૫ અને કડી ખાતેના સર્વ વિદ્યાલય કેમ્પસમાંથી ૬૯૩ યુનિટસ રકત એકત્ર થયું હતું. સંસ્થા દ્વારા આ પ્રસંગે ૭૭મી વાર રકતદાન કરનારા એસ.કે. પટેલ આઈટીઆઈમાં ફરજ બજાવતા રકતદાતા ઈન્દ્રજીત સોમનાથનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૦ સુધીના ૯ રકતદાન શિબિરમાં અત્યાર સુધીમાં રકતદાન કરવામાં આવેલ રકત યુનિટસની સંખ્યા ૮૨૫૮ સુધી પહોંચવા પામી હતી. સંસ્થાના વર્તમાન ચેરમેન વલ્લભભાઈ પટેલ સહિત હોદ્દેદારો અને આચાર્યો રકતદાતાઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવની બોગસ સહી કરી છેતરપીંડીનો કારસો રચાયો

### ૯૯ વર્ષના ભાડા પટ્ટે મળેલી જમીનનો કાયમી વેચાણ માટેનો બનાવટી હુકમ બનાવી દીધો : પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સ્થિત નવા સચિવાલયમાં આવેલા શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવની બોગસ સહીઓ કરીને ભાવનગરના શખ્સે તેને મળેલી ૯૯ વર્ષના ભાડાપટ્ટાના શરતની જમીનને કાયમી વેચાણ કરવાનો કારસો રસી રાખ્યો હતો. ભાડાપટ્ટે મળેલી જમીન કાયમી વેચાણ કરી શકાય તેવો શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવની સહીવાળો હુકમ તૈયાર કરનાર શખ્સ સામે વિભાગના સેક્શન ઓફિસરે ફરીયાદ આપતા સે. ૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

રાજ્યની પાલીકા મહાનગર પાલીકાઓમાં સરકારી જમીનો ભાડા પટ્ટા ઉપર આપવામાં આવતી હોય છે. ભાવનગર જિલ્લાના તળાજા નગરપાલીકામાં એક જમીન આવી રીતે જ ૯૯ વર્ષના ભાડાપટ્ટેથી મનહરલાલ ગંગાદાસ રાઠોડને અપાઈ હતી. તેમના દિકરા રાજેશ રાઠોડે આ જમીનને કાયમી વેચાણ માટેની દરખાસ્ત ભાવનગર કલેક્ટરને કરવામાં આવી હતી જો કે ભાવનગર કલેક્ટરે ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવાનો અભિપ્રાય રજુ કર્યો હતો. દરમ્યાન ગાંધીનગરના નવા સચિવાલય ખાતે આવેલી શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવની સહી અને સિક્કાથી ઉપરોક્ત જમીન કાયમી ધોરણે વેચાણ હક્કમાં ફેરવી આપવાની દરખાસ્ત થઈ. આ બાબત કચેરીના ધ્યાને આવતા બહાર આવ્યુ કે આવી કોઈ સહી કે હુકમ શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવ દ્વારા કરવામાં આવ્યો નથી. રાજેશ રાઠોડ દ્વારા આ બોગસ હુકમ તૈયાર કરવામાં આવ્યો હોવાનુ બહાર આવતા આ મામલે વિભાગના સેક્શન ઓફીસર ભરતભાઈ દેસાઈએ સે. ૭ પોલીસ મથકમાં રાજેશ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી છે.



ગુજરાત પોષણ અભિયાન અંતર્ગત લીંબડીયા ગામે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા ખાસ હાજર રહ્યા હતા. જિલ્લા અધિકારીઓ દ્વારા ભૂમાફિયા સામે પગલા લેવા લીંબડીયાના ગ્રામજનોને ફરિયાદ કરી હતી.

# ગાંધીનગર જિલ્લાનો રાજપૂત સમાજનો સમૂહલગ્નોત્સવ નારદીપુર ખાતે યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાનો રાજપૂત સમાજનો ૨૩મો



સમૂહલગ્નોત્સવ નારદીપુર ખાતે યોજાયો હતો. આ સમૂહલગ્નમાં ૩૩ વરઘોડિયાના લગ્નો કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડૉ. શંકરસિંહ રાણા, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, જયરાજસિંહ વાઘેલા, અમરસિંહ ગોલ, બીનાબા રાણા, એલ.કે. વાઘેલા, વિકાસ અધિકારી એન.આર. રાજપૂત, ઉદ્યોગપતિ લક્ષ્મણસિંહ વાઘેલા, અંબુસિંહ ગોલ, વૈદેહીશરણ દંડીબાપુ વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી નવદંપતિઓને આર્શીવાદ આપ્યા હતા.

યજમાન પદે નારદીપુર ગામના રાજપુત સમાજે સુંદર આયોજન કર્યુ હતું. આ પ્રસંગે સમાજના ભામાશા જીઆઈડીસીના ચેરમેન રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, નરેન્દ્રસિંહ વાઘેલા (નારદીપુર), તાલુકા લગ્ન સમિતિના અધ્યક્ષ જશુભા પરમાર, ભિખુસિંહ બિહોલા તેમજ સમાજના હોદ્દેદારો કલોલ તાલુકા રાજપુત સમાજના આગેવાનો બળવંતસિંહ રાજપુત, એડવોકેટ વિજયસિંહ ચાવડા પ્રમુખ, દશરથસિંહ વાઘેલા, તેમજ નવદંપતિના માતા-પિતા હાજર રહ્યા હતા.

**રક્તદાન મહાદાન**

# પૌષ્ટીકતાથી ભરપૂર એવી મગફળીના દાણા માત્ર પાંચ રૂપિયામાં લીટર દૂધ બનાવી શકે

દૂધાળાં પશુઓના દૂધની કિંમત આજે ૫૦ રૂપિયા કરતાં વધી ચૂકી છે પરંતુ તમને જો પાંચ રૂપિયામાં એક લીટર દૂધ મળે તો કેટલું સસ્તું કહેવાય... અચરજ પમાડે તેવું આ સંશોધન છે. જૂનાગઢના નાબાર્ડના પૂર્વ અધિકારીના પત્નીએ મગફળીને પ્રોસેસ કરી તેમાંથી પૌષ્ટીક દૂધ બનાવ્યું હતું. જો કે આ સંશોધનને આગળ લઈ જવામાં આવ્યું નથી તેથી લોકોને ખબર નથી કે મગફળી આરોગ્ય વર્ધક એવું દૂધ અને તેની બનાવટો આપી શકે છે. પારૂલદેવી રાવલનું આ સંશોધન હતું. તેમનો આ પ્રયાસ ગરીબી રેખાની નીચે જીવતા લોકોને પૌષ્ટીક આહાર આપી શકે છે. મગફળીના દૂધની બનાવટ એટલી સરળ છે કે લોકો જાતે ઘરમાં બનાવી શકે છે. તેમના મતે ૧૦૦ ગ્રામ મગફળીના દાણાં ઉકાળતા ગરમ પાણીમાં નાંખવાના હોય છે. થોડાં સમય પછી દાણાં ગરમ થતાં ફોતરાં કાઢી શકાશે. આ દાણાને મિક્સરમાં ક્રશ કરતાં પેસ્ટ બનતી જશે. આ પેસ્ટમાં પાણી નાંખીને ત્રણેક વાર ક્રશ કરવું પડે. છેલ્લે પેસ્ટમાં પાણી ઉમેરીને ગાળી દેવાથી એક લિટર દૂધ તૈયાર થશે. તૈયાર થયેલા દૂધને ગેસ પર મૂકવાથી સામાન્ય દૂધની જેમ ઉભરો પણ આવશે. મગફળી એ તેલિબિયાં હોવાથી દૂધમાં તેલની આવતી વાસને દૂર કરવા દૂધમાં ઈલાયચી અને મસાલા નાંખી શકાય છે. આ દૂધમાંથી દહી, છાસ, માખણ,



આઈસ્ક્રીમ અને કઢી પણ બને છે. મગફળીના માત્ર ૧૦૦ ગ્રામ દાણામાંથી એક લીટર દૂધ બનાવી શકાય છે. આ દૂધમાં ૨૫ ટકા પ્રોટીન અને ૪૦ ટકા ચરબી હોય છે તેથી પોષણભૂખને સંતોષી શકે છે. જો આ સંશોધનને આગળ ધપાવવામાં આવે તો રાજ્યના આરોગ્ય અને કૃષિ વિભાગ માટે મગફળીનું દૂધ અમૃત સમાન બની શકે છે.

● **સરકારમાં કોર્પોરેટ કલ્ચર આવે તો ઝડપ વધે...**

## વહીવટી તંત્રની શિથિલતા દૂર કરવા સીએમ વિજય રૂપાણીએ 'કોર્પોરેટ સ્ટાઈલ' અપનાવવી પડશે

ગુજરાત સરકારમાં કોર્પોરેટ કલ્ચરનો પ્રવેશ ત્યારે થયો હતો જ્યારે નરેન્દ્ર મોદીએ ગુજરાતનું શાસન સંભાળ્યું હતું. એ સમયે સચિવાલયના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઘડિયાળના કાંટે નહીં, સરકારની ઈચ્છાશક્તિ પ્રમાણે કામ કરતા હતા. મોદીના શાસનમાં ત્રણ ઈમારત--મહાત્મા મંદિર, સ્વર્ણિમ સંકુલ અને ગિફ્ટ સિટી-- એટલી ઝડપથી બનાવવામાં આવી છે કે આજે આવી કોઈ ઈમારત આટલી ઝડપથી બનતી નથી. ગુજરાતમાં અમદાવાદ મેટ્રોરેલના પ્રોજેક્ટમાં અસહ્ય વિલંબ થયો છે. ૨૦૦૭ની યોજના ૧૩ વર્ષ પછી પણ પૂર્ણ થઈ નથી. કલ્પસર યોજના તો કલ્પના જ રહી છે. હાલની સરકારમાં કોર્પોરેટ કલ્ચરનો અભાવ છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ૪૬૧૦ દિવસનું શાસન કર્યું છે પરંતુ કામની ઝડપ અને ઈચ્છાશક્તિ ગજબની જોવા મળી હતી. રાજ્ય સરકારના એક સિનિયર અધિકારી કે જેમણે મોદી સરકારમાં મહત્વનો રોલ અદા કર્યો છે તેમણે કહ્યું હતું કે સાતમા પગાર પંચ પછી અધિકારીઓ તેમજ કર્મચારીઓના પગારમાં અનેકગણો વધારો થયો છે પરંતુ કામની ઝડપ ઓછી થઈ છે. રાજ્યની જનતાના કામોમાં અસહ્ય વિલંબ થઈ રહ્યો છે. નિર્ણયશક્તિનો અભાવ જણાય છે. હવે તો ખુદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ કહે છે કે-- 'અમે મંત્રી છીએ તો પણ અમારે કામ કરાવવા માટે વહીવટી તંત્રની પાછળ પડવું પડે છે. ફોલોઅપ કરવું પડે છે. અધિકારીઓ પાસે ઉઘરાણી કરવી પડે છે. કામ માટે સાત કોઠા પાર કરવાના હોય છે' અહીં એક સવાલ એવો થાય છે કે સરકારે કામ કે ફાઈલના નિકાલ માટેનું ટાઈમટેબલ બનાવ્યું છે પરંતુ તે માત્ર આદેશ છે, વહીવટી તંત્રને તેની ફરજ પાડવામાં આવતી નથી.

**ટાઈમ લાઈન**
- ગૌતમ પુરોહિત

● **કોરોના વાયરસથી બચવા શું કરવું જોઇએ...**

## મેઈડ ઈન ચાઈના-કોરોના વાયરસ સામે તકેદારી રાખવા આયુર્વેદમાં ઉપચાર પદ્ધતિ મોજૂદ છે

મેઈડ ઈન ચાઈના એવા કોરોના વાયરસથી ગભરાવાની જરૂર નથી, માત્ર થોડી સાવધાની રાખવી જરૂરી છે તેવું ગાંધીનગરના આયુર્વેદ નિષ્ણાંત અને પૂર્વ આયુર્વેદા અધિકારી ડો. દિનેશ પંડ્યાનું કહેવું છે. તેમણે જે ફોર્મ્યુલા આપી છે તેનો અમલ કરવામાં આવે તો આપણે તેનાથી બચી શકીએ છીએ. તેમના કહેવા પ્રમાણે નસ્ય કર્મ બેસ્ટ છે. ગાયના ઘીના બે ટીપાં દિવસમાં બે વખત નાકમાં નાંખવા જોઈએ. લસણ, પિપ્પલી અને સુવાના ધુમાડાને નાકમાંથી લઈને મોંઢાથી છોડવો જોઈએ. ઘરમાં લીમડો, ગુગળ અને કપૂરનો ધુપ કરવો જોઈએ. ભોજનમાં દહી, લસ્સી, આઈસક્રીમ, કેળાં અને કોલ્ડડ્રીન્ક્સ લેવું ન જોઈએ. દિવસ દરમ્યાન પાણીમાં સૂંઠનો પાવડર મિલાવી ઉકાળીને પીવું જોઈએ. ત્રિકુટ ચૂર્ણ (સુંઠ, મરી અને પીપર) ઉત્તમ ઈલાજ છે. તુલસી અને અરડુસીનો રસ મધની સાથે મિલાવીને પીવો જોઈએ. દિનેશ પંડ્યાના કહેવા પ્રમાણે કોરોના વાયરસના લક્ષણો આયુર્વેદ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણેના કફવાત જવર સમાન છે. જો આટલા પ્રિકોશન લેવામાં આવે તો કોરોના વાયરસના ચેપથી બચી શકાય છે.



● **ડાયાબિટીસ અને ટીબીની અકસીર દવા...**

દૂધથી નહાવાથી ચામડી સુંદર થાય છે અને ચહેરા પર નિખાર આવે છે તેવું ક્લીઓપેટ્રા માને છે પરંતુ દૂધની મદદથી ટીબી અને ડાયાબિટીસ જેવા રોગ કન્ટ્રોલમાં આવે છે તેવું સંશોધન રાજસ્થાનના બિકાનેરમાં કેમલ મિલ્કની એક સંશોધન શાળા નેશનલ કેમલ રીસર્ચ સેન્ટરનું છે. આ સેન્ટરની મુલાકાતે ગયેલા વિદેશી પર્યટકોએ કેમલ મિલ્કનો ઉપયોગ કરીને ઈન્સ્યુલીનના ઈન્જેક્શન બંધ કર્યા હોવાના દાખલા નોંધાયા છે. કેમલ રીસર્ચ સંસ્થાના ડાયરેક્ટર કહે છે કે અમે આ સેન્ટરમાં બિકાનેરી, જેસલમેરી અને કચ્છી ઊંટની નસલને સુધારવાનું કામ કરીએ છીએ. આ સંસ્થાના ચાર સંશોધકોએ ડાયાબિટીક વિદેશી પેશન્ટોને ઊંટડીનું દૂધ પિવડાવીને ડાયાબિટીસ કન્ટ્રોલ કરવામાં સફળતા મેળવી છે. આ સંશોધનમાં ૯૨ ટકા પેશન્ટો કે જેઓ ઈન્સ્યુલીનના ઈન્જેક્શન લેતાં હતા તે બંધ કર્યા છે. તેમનો ડાયાબિટીસ કાબૂમાં આવ્યો છે. જ્યારે ટીબીના દર્દીઓમાં પણ ચમત્કારીક પરિણામ મળ્યાં છે. ફાસ્ટીંગ બ્લડશ્યુગરમાં સુધારો થયો છે અને ટીબીના દર્દીઓના ફેફસા મજબૂત બન્યાં છે. સંશોધકોના મતે કેમલ મિલ્કમાં ૪૦ ટકા કોલેસ્ટ્રોલ ઓછું છે. તેમાં ખનીજ તત્વો જેવાં કે સોડીયમ, પોટેશ્યમ, મેગ્નેશ્યમ અને આયોડીનનું પ્રમાણ ઉંચું છે. વિટામીન-સી તેમજ પ્રોટીન ગાયના દૂધ કરતાં કેમલ મિલ્કમાં વધારે જોવા મળ્યું છે. આ દૂધ પીવામાં ખારૂં લાગે છે. તે પાતળું અને સફેદ છે. આ દૂધને ૧૦ દિવસ સુધી ઉકાળવામાં ના આવે તો પણ તે બગડતું નથી. એક ઊંટડી દિવસમાં ૧૦ લીટર દૂધ આપતી હોય છે જેમાં ૮૮ ટકા પાણીનો હિસ્સો છે.

● **ડાંગરની આડપેદાશ લખપતિ બનાવી શકે છે...**

## ડાંગરની ૨૫થી વધુ આડપેદાશો જો રાજ્યના ખેડૂતોને ખબર પડે તો તેઓ લખપતિ બની શકે

ગુજરાતના લોકોનો મુખ્ય ખોરાક દાળ-ભાત અને ખીચડી છે. ભાત વિનાની રસોઈ અધુરી ગણાય છે. ભાત એટલે ડાંગર-ચોખા. આ ડાંગરના પાકની આડપેદાશ રાજ્યના ખેડૂતોને લખપતિ બનાવી શકે છે. વિદેશોમાં આ સંશોધન થયું છે પરંતુ ગુજરાતના ખેડૂતો ડાંગરની આડપેદાશોથી અજ્ઞાન છે.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીના ખેડા જિલ્લાના નવાગામમાં આવેલા ચોખા સંશોધન કેન્દ્રમાં થયેલા સંશોધન પ્રમાણે ડાંગરના પિલાણ પછી મીલમાંથી નીકળતી ચોખા સિવાયની ઘણી બધી આડપેદાશોને વિવિધ ઉદ્યોગોમાં ફેરવવામાં આવે તો દેશનું આર્થિક પાસું બદલી શકાય છે. ડાંગરનો એક છોડ ૨૫ થી ૩૦ આડપેદાશ આપે છે. ડાંગરમાંથી ચોખા, મમરા, પૌંઆ, દારૂ, સ્ટાર્ચ, પાપડી બને છે. કુશકીમાંથી તેલ, ખોળ, મીણ, ટાર અને વેસ્ટ બને છે. ફોતરીમાંથી સિમેન્ટ, બોર્ડ, કરફ્યુરલ, સિલિકા, ઈંટ માટેની રાખ અને પરાળમાંથી સ્ટ્રો-બોર્ડ, કાગળ, સ્ટ્રો-બેગ, કુટીર પેદાશ અને શેમ્પુ બને છે. દક્ષિણ પૂર્વ એશિયાના દેશો જેવાં કે દક્ષિણ કોરિયા, જાપાન અને ભારતમાં ચોખામાંથી દારૂ બનાવવામાં આવે છે. સેન્ટ્રલ બિલ્ડીંગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, રૂરકીએ ડાંગરની ફોતરીમાંથી સિમેન્ટ બનાવ્યો છે. ફરફ્યુરલ એક એવું રસાયણ છે કે જે પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગમાં ઉદીપક તરીકે વપરાય છે. આ પ્રકારનો પ્લાન્ટ પંજાબમાં સ્થપાયેલો છે. ઈન્ડોનેશિયામાં વાળ માટેનું શેમ્પુ ડાંગરની પરાળમાંથી બનાવવામાં આવે છે. ડાંગરની ફોતરીમાં ૧૫ ટકા સિલિકા હોય છે. કુશકીમાંથી મળતા તેલના ઉપયોગ ધ્યાને લેવામાં આવે તો ખેડૂતો લખપતિ બની શકે છે. જાપાનમાં આ તેલમાં બટાટાની ચિપ્સ અને સેવ તળાય છે. તાઈવાનના લોકો રાંધવામાં આ તેલ વાપરે છે. જાપાનમાં થયેલા સંશોધન પ્રમાણે આ તેલમાં કોલેસ્ટ્રોલ હોતું નથી તેથી તંદુરસ્તી માટે ઉત્તમ ગણાય છે. આ તેલમાંથી પાલમિટીક, માયસ્ટ્રીક, સ્ટીરિક, ઓલિક, લિનોલિક અને લિનોલેનિક એસિડ મળે છે. ડાંગનો એક છોડ બહુમૂલ્ય પેદાશોનો ભંડાર છે તે બાબત ગુજરાતના કૃષિ વિભાગના અધિકારીઓને ગળે ઉતરવી જોઈએ.

● **મહેસૂલનો ભ્રષ્ટાચાર હવે ખાણ-ખનીજમાં ઘૂસ્યો...**

ગુજરાતમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર મહેસૂલ વિભાગમાં થતો હતો પરંતુ હવે આ વિભાગને બદનામીથી ઉગારવાના પ્રયાસ થતાં હવે ભ્રષ્ટાચારે દિશા બદલી છે. છૂપી રીતે આ ભ્રષ્ટાચાર ખાણ-ખનીજ વિભાગમાં પ્રવેશી ચૂક્યો છે. રાજયમાં મહેસૂલ, ગૃહ અને શહેરી વિકાસ વિભાગમાં ભ્રષ્ટાચાર થાય છે તેવા વિપક્ષી આક્ષેપો અવાર નવાર થતાં હોય છે પરંતુ વિપક્ષના નેતાઓએ ખાણ અને ખનીજ વિભાગ તરફ નજર કરવાની જરૂર છે. હવે જ્યારે મુખ્યમંત્રી કચેરી અને ઉદ્યોગ વિભાગનું ધ્યાન ખાણ અને ખનીજ વિભાગ તરફ ગયું છે ત્યારે વિભાગના ઉચ્ચ અધિકારીઓને સરકારે આદેશ કર્યો છે કે વિભાગનો ભ્રષ્ટાચાર શોધી કાઢો. રાજયમાં રેતીમાં સૌથી



મોટી રોયલ્ટી ચોરી થાય છે. એ ઉપરાંત બીજા ખનીજોમાં પણ ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે. ભ્રષ્ટ્રાચારના મૂળમાં ખાણ-ખનીજ માફિયાઓની બનાવેલી એક રીંગ કામ કરે છે જેનું સંચાલન અમદાવાદમાંથી થાય છે. આ રીંગમાં વિભાગના કર્મચારીઓ તેમજ અધિકારીઓ પણ સંડોવાયેલા છે. ખાણ-ખનીજ વિભાગમાં વર્ષોથી ભ્રષ્ટાચાર થાય છે પરંતુ છેલ્લા એક વર્ષમાં અગાઉના વર્ષો કરતાં ત્રણ ગણો ભ્રષ્ટાચાર થયો છે. બદનામ થઈ રહેલા આ વિભાગમાં ખાણ-ખનીજના ઉત્ખનન સ્થળોએ ડ્રોનની મદદથી ચેકીંગ થતું હતું પરંતુ ડ્રોન ઉડાવનારા પ્રામાણિક અધિકારીઓને સરકારે જ બદલી નાંખ્યા પછી આ વિભાગમાં રોયલ્ટી ચોરીનું એક મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. છેલ્લા બે મહિનામાં ભૂસ્તર અને વિજ્ઞાનની ટીમોએ રાજયના ૩૩૫ સ્થળોએ ઓચિંતા દરોડા પાડ્યા હતા જેમાં ૧૧૪ કરોડ રૂપિયાના દંડની વસૂલાત કરવામાં આવી છે. ચોંકાવનારી બાબત એવી છે કે રાજયમાં રેતીની ચોરી હંમેશા રાત્રે જ થતી હોવા છતાં વિભાગની ફ્લાઈંગ સ્કવોર્ડ રાત્રી ચેકીંગ કરવાનું ટાળી રહી છે.